## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




તમારી પાસે કેશ ન હોય તો વાંધો નહી સાહેબ... પણ એ પૂછવું હતું કે અમે બીજેથી કેશ લઈ લઈએ તો તમને વાંધો નથી ને....???

# શહેરમાંથી ફેસબુક રોમીયો ઝડપાયો

**બોગસ ફેસબુક પ્રોફાઈલ બનાવીને શહેરની યુવતીઓને ફ્રેન્ડશીપ રીકવેસ્ટ મોકલી તેમના ફોટા એડીટ કરી ન્યુડ બનાવી દેતો હતો : ન્યુડ ફોટો મેસેન્જરમાં મોકલીને બિભત્સ માંગણી કરતા પેથાપુરના શખ્સની ધરપકડ : શહેરની બે યુવતીઓએ નોંધાવી ફરિયાદ**

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગરની યુવતીઓને ફેસબુકમાં બોગસ એકાઉન્ટથી ફ્રેન્ડ રીકવેસ્ટ મોકલી તે યુવતીઓના પ્રોફાઈલમાંથી ફોટો ડાઉનલોડ કરી લીધા બાદ તેને એડીટ કરીને ન્યુડ બનાવી પર્સનલ મેસેન્જરમાં મોકલી બિભત્સ માંગણીઓ કરતો ફેસબુક રોમીયો સક્રીય થયો હતો. ગાંધીનગર એલસીબીની ટીમે પેથાપુરના આ શખ્સને ઘ-૫ પાસેથી પકડી પાડ્યો હતો. શહેરની બે યુવતીઓએ આ શખ્સ સામે પોલીસ ફરિયાદ નોંધાવી છે. જે અંતર્ગત સે. ૨૧ પોલીસ સ્ટેશનમાં અને સે. ૭ પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ થયો છે.

ફેસબુક પર યુવતીના નામની ફેક પ્રોફાઈલ બનાવીને શહેરની કોલેજીયન યુવતીઓ પાસે બિભત્સ



માંગણીઓ કરતો ફેસબુક રોમીયો પકડાઈ ગયો છે. એલસીબીની ટીમે ટ્રેપ ગોઠવીને સે. ૧૬ ખાણીપીણી બજાર પાસેથી પેથાપુર નવો વણકર વાસમાં રહેતા કિર્તી મહેશ વાઘેલાની ધરપકડ કરી લીધી છે. આ શખ્સ 'નિકીતા રાઠોડ' નામના બોગસ ફેસબુક એકાઉન્ટથી શહેરની યુવતીઓને ફેસબુક ફ્રેન્ડ બનાવી તેમના ફોટો અપલોડ કરી લીધા બાદ ફોટા સાથે ચેડા કરીને તે ફોટાને ન્યુડ બનાવી દેતો હતો. ત્યાર બાદ ન્યુડ ફોટો તે યુવતીના મેસેન્જરમાં મોકલી હેરાન પરેશાન કરી યુવતીઓ પાસે બિભત્સ માંગણીઓ કરતો હતો. ગાંધીનગરની બે યુવતીઓ આ શખ્સની હેરાનગતીનો શિકાર બની છે. એક યુવતીએ સે. ૨૧ અને બીજીએ સે. ૭ પોલીસ સ્ટેશનમાં આઈપીસી કલમ ૫૦૭, ૪૧૯ આ.ટી. એક્ટ ૬૬ ઈ, ૬૭ અને ૬૭ એ મુજબ ફરીયાદ આપતા પીઆઈ લેવલના અધિકારીઓએ ઊંડી તપાસ શરૂ કરી છે.



સેક્ટર-૨૩ ચર્ચની દિવાલને અડીને ઉભુ કરાયેલા તોતીંગ વાઈફાઈ ટાવરના જનરેટરની ધ્રુજારી ચિંતાનો વિષય બની છે. જનરેટરની સતત ધ્રુજારીને લીધે ભવિષ્યમાં આ ધાર્મિક સ્થળની કમ્પાઉન્ડ વોલને નુકશાન પહોંચી શકે તેમ છે જે બાબત ચર્ચના સભ્યો માટે ચિંતાજનક છે. આ વિસ્તારમાં વિવિધ શૈક્ષણિક સંકુલોના કારણે વિદ્યાર્થીઓને વાઈ-ફાઈ ટાવરને લીધે ફેલાતા કીરણોને લીધે ગંભીર બીમારી લાગુ પડવાની શક્યતા રહેલી છે. તથા આસપાસના વિસ્તારોમાં વસાહતીઓની સંખ્યા ખુબ ગીચ છે. આ વાઈફાઈ ટાવરના પરિણામે નિયમિત રીતે અહીંથી અવરજવર કરનારા વિદ્યાર્થીઓ અને વસાહતીઓના સ્વાસ્થ્ય પર વિપરીત અસર થવાની શક્યતા હોઈ ચર્ચના સભ્યો, શોપિંગ સેન્ટરના દુકાનદારો તથા વસાહતીઓએ ટાવરને અહીંથી ખસેડવા માંગણી કરી છે.

## દશનામ ગોસ્વામી સમાજ દ્વારા સમૂહલગ્ન યોજાશે

ગાંધીનગર, તા.૧૫

શ્રી ગાંધીનગર દશનામ ગોસ્વામી મંડળ દ્વારા ચર્તુથ સમૂહલગ્નનું આયોજન તા.૧૨-૨-૧૭ને રવિવારના રોજ આસુદેવ મહાદેવ,જામળા તા- કલોલ,ગાંધીનગર ખાતે કરવામાં આવેલ છે. આ સમૂહલગ્નમાં જોડાવા ઈચ્છુક યુવક-યુવતિઓના વાલીઓએ તા.૧૦-૧-૧૭ સુધીમાં સમૂહલગ્નના કન્વિનર ચંદુભારતી પાસે નામ નોંધાવવા અનુરોધ કર્યો છે. એકવીસ વરઘોડીયાની નિર્ધારિત સંખ્યા પૂર્ણ થતા સમય પહેલા નોંધણી બંધ કરવામાં આવશે.જેની સમાજના ભાઈ બહેનોએ નોંધ લેવી તેમ સંસ્થાના પ્રમુખ ચંદુભારતીએ જણાવ્યું છે.

# સિવિલ હોસ્પિટલના અણઘડ વહીવટથી દર્દીઓ ત્રાહીમામ

**સંકલનના અભાવે દર્દીઓ ધક્કા ખાઈને તુટી જાય છે : હાર્ટના પેશન્ટને પહેલે માળ હાથપગ ભાંગેલા દર્દીઓને કસરત માટે ચોથે માળ જવુ પડે છે, જયારે કેટલાક નોન ઈમરજન્સી વિભાગો ગ્રાઉન્ડ ફલોર પર કાર્યરત છે**

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગર સિવિલ હોસ્પિટલ કરોડાના ખર્ચે આધુનિક બનાવાયું છે. ગાંધીનગરની પ્રજા માટે આ હોસ્પિટલ આશિર્વાદરુપ છે. હોસ્પિટલમાં રોજના હજ્જારો દર્દીઓ વિવિધ રોગની સારવાર માટે આવે છે. ત્યારે હોસ્પિટલના અણઘડ વહીવટ થી દર્દીઓ તેમજ સગાઓ ત્રાહીમામ પોંકારી ઉઠ્યા છે. જેમાં હાર્ટના દર્દીને ઈસીજી માટે ડોકટર દ્વારા કહેવામાં આવે છે દર્દી ઈસીજી માટે જાય ત્યારે તેને આર.કે.એસ.ના માત્ર રૂ.૧૦ ભરવા માટે નીચે છેક જુના બિલ્ડીંગમાં મોકલવામાં આવે છે. પરંતુ હોસ્પિટલના સંકલનના અભાવે ગામડાના ભોળા દર્દીઓ હેરાન પરેશાન થઈ ગયા છે. ત્યારે તંત્ર દ્વારા આર.કે.એસ.ની એક બુક દરેક વિભાગમાં આપવામાં આવે તેવી માંગ દર્દીઓમાં ઉઠવા પામી છે.

ગુજરાત મેડીકલ એજ્યુકેશન એન્ડ રિસર્ચ સોસાયટી સંચાલિત ગાંધીનગર હોસ્પિટલમાં રોજના હજ્જારો દર્દીઓ આવે છે. સંકુલ પાછળ કરોડો રૂપીયાનો ખર્ચ કરી આધુનિકતાથી સજ્જ કરવામાં આવ્યું છે. પાંચ માળની ઓપીડી બિલ્ડીંગ અને ઈન્ડોર દર્દી રાખવા માટે આઠમાળની ઈમારત ઉભી કરવામાં આવી છે. છતા પણ દર્દીઓને આમથી તેમ ધક્કા ખાવા



પડે છે. આ હોસ્પિટલ તંત્રના સાંકલનના અભાવનો ભોગ જિલ્લાના ભોળા દર્દીઓને બનવું પડે છે. હોસ્પિટલમાં ડાયાબિટીસ અને ઈસીજી માટે આવેલ દર્દીને ઓપીડી બિલ્ડીંગમાં જવાનું કહેવામાં આવે છે. ત્યાં ગયા પછી દર્દીને રોગી કલ્યાણ સમિતીનો ચાર્જ ભરવા માટે કહેવામાં આવે છે. હાર્ટ કે અન્ય રોગથી પીડાતો દર્દી આ બધાથી કંટાળી જાય છે.

જયારે હોસ્પિટલમાં પાંચમા માળે ફિઝીયોથેરાપી સેન્ટર અને ત્રીજા માળે લેબોરેટરી કાર્યરત છે. જયારે લકવાગ્રસ્ત કે ઓર્થોપેડીક વિભાગના દર્દીને ના છુટકે કસરત માટે પાંચમાં માળે જવું પડે છે. જયારે દર્દીના લેબ સેમ્પલ લઈને દર્દીના સ્વજનને લેબ રીતસરની શોધવી પડે છે. તાત્કાલીક વિભાગમાં આવતા દર્દીને એકસ-રે કે સોનોગ્રાફી ડોકટર દ્વારા કરાવાનું કહેવામાં આવે તો છેક દુર ખુણામાં દર્દીને લઈને જવુ પડે છે. ત્યારે તમામ વિભાગો સંકલનના અભાવે એક બીજાથી દુર છે. આવા અનેક નાનામોટા પ્રશ્નો દર્દીઓ તેમજ સગાઓને સતાવે છે ત્યારે તંત્ર આ અંગે શુ કરવા માંગે છે અથવા તંત્રમાં આ બધા સુધારા કરવાની ક્ષમતા છે કે કેમ તે જોવુ રહ્યું... પરંતુ તંત્ર દ્વારા કલ્યાણ સમિતીના રૂપીયા ભરવા માટે દર્દીઓને આમથી તેમ ધક્કા ખવડાવામાં આવે છે. જેથી દર્દીઓ હેરાન પરેશાન થઈ ગયા છે. ત્યારે તંત્ર દ્વારા દરેક વિભાગમાં એક બુક આપવામાં આવે જેથી ભુલાઈ ગયેલા દર્દીનો આરકેએસનો ચાર્જ સ્થળ પર જ લઈ શકાય તેવી વ્યવસ્થા કરવામાં આવે તેવી દર્દીઓમાં માંગ ઉઠી છે.

# શિયાળામાં સ્ટ્રીટ લાઈટો મોડી બંધ કરવા તંત્રને રજુઆત

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગર શહેરના મુખ્ય માર્ગો પર સ્ટ્રીટ લાઈટો તંત્ર દ્વારા મુકવામાં આવી છે. સાંજ ઢળતા જ લાઈટો શરુ થઈ જાય છે અને વહેલી સવારે લાઈટો બંધ થઈ જાય છે. પરંતુ શિયાળાનો સમય હોવાથી સવારના ૬ કલાકે પણ અંધારુ હોવાથી મોર્નીંગ વોક માટે નીકળતા નાગરીકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડે છે. નગરના મુખ્ય માર્ગોની બાજુમાં ખાડા હોવાથી નાગરીકોને ચાલવામાં તકલીફ પડે છે. જેથી રાજધાની વસાહત સેવા મંડળ દ્વારા તંત્રને મુખ્ય માર્ગોની લાઈટો મોડી બંધ કરવા રજુઆત કરવામાં આવી છે.

શહેર ગમે તેવા અંધકારમાં પણ ઝળહળતુ રહે તે માટે મુખ્ય માર્ગો પર તંત્ર દ્વારા સ્ટ્રીટ લાઈટો લગાવામાં આવી છે. શહેરમાં સાંજ પડતા જ માર્ગોની લાઈટો શરુ થઈ જાય છે અને વહેલી સવારે બંધ થઈ જાય છે. પરંતુ શિયાળામાં દિવસ ટુંકો હોય છે અને રાત લાંબી હોય છે. ત્યારે ગાંધીનગરમાં શિયાળાના સમયમાં સવારે ૬ કલાકે નિયત સમયે લાઈટ બંધ થઈ જાય છે. પરંતુ શિયાળાની ફુલગુલાબી ઠંડીમાં નગરજનો મોટીમાત્રામાં ચાલવા માટે નીકળે છે. માર્ગોમાં ખાડા તેમજ ઝાડના થડીયા ફુટપાથ હોવાથી મોનીંગવોકરને ચાલવામાં ભારે અગવડતા પડે છે. જયારે તંત્ર દ્વારા નિયત સમયે માર્ગોની લાઈટો બંધ થઈ જાય છે. શિયાળાના સમયે ૬ વાગ્યાના અરસામાં પણ અંધારુ હોય છે.જેથી નાગરીકોને અંધકારનો સામનો કરવો પડી રહ્યો છે. રાજધાની વસાહત સેવા મંડળ દ્વારા તંત્રને નગરના મુખ્ય માર્ગોની લાઈટો સવારે મોડી બંધ કરવા રજુઆત કરવામાં આવી છે.



અખંડ ભારતના શિલ્પી, લોહ પુરુષ દિવંગત નાયબ વડાપ્રધાન અને ગુજરાતના પનોતા પુત્ર એવા સરદાર વલ્લભભાઈ પટેલની ૬૬મી પુણ્યતિથી ૧૫મી ડિસેમ્બરે શહેર પ્રમુખ ડૉ. કૌશિક શાહ, પ્રદેશ મહામંત્રી નીશિત વ્યાસની ઉપસ્થિતિમાં સેન્ટ્રલ વિસ્ટા, ઘ-૪, ગાંધીનગર ખાતે આવેલી સરદાર સાહેબની પ્રતિમાને પુષ્પાંજલી અર્પણ કરવાનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ગીતાબેન પટેલ, પરેશ પટેલ, ભાનુમતી રોહિત, પ્રધ્યુમનસિંહ રાઓલ, વિજય સોલંકી, અનિશબેગ મિર્ઝા, જીતેન્દ્રસિંહ સોલંકી, રાકેશ જાની, જયાબેન લાડ, ભાવિનસિંહ ઠાકોર, ધર્મિષ્ઠાબેન, રમીલાબેન અને વિમળાબેન સહિત કાર્યકરો-આગેવાનો ઉપસ્થિત રહી સરદાર સાહેબના જીવન અને કવનને યાદ કરી ભાવભીની અંજલી આપવામાં આવી હતી.

# ગિફટસિટીનો સ્માર્ટસિટી તરીકે વિકાસ કરાશે

ગાંધીનગર, તા.૧૫

ગુજરાત ઈન્ટરનેશનલ ફાઈનાન્સ ટેકસિટી - GIFTને સ્માર્ટ સિટી તરીકે ડેવલપ કરવાના MoU-સમજૂતિ કરાર વિશ્વવિખ્યાત ડિજિટાઈઝેશન કંપની સિસ્કો-CISCO સાથે આજે સંપન્ન થયા હતાં.

આ સમજૂતિ કરાર અન્વયે ભારતના સર્વપ્રથમ ગ્રીનફિલ્ડ સ્માર્ટસિટી એવા ગિફ્ટ સિટી કેમ્પસમાં પબ્લિક વાઈ-ફાઈ, સ્માર્ટ પાર્કિંગ, સ્માર્ટ ટ્રાન્સપોર્ટેશન, ટ્રાફિક એનાલિટીક્સ તથા રિમોટ એક્સ્પર્ટ સર્વિસિઝ CISCO સાથે સંયુક્ત રીતે વિકસાવવામાં આવશે.

આ ઉપરાંત અહીં સ્માર્ટ કિયોસ્ક, સ્માર્ટ એન્વાયરમેન્ટલ સેન્ટર્સ જેથી વાતાવરણના પ્રદુષણ, ધ્વનિ પ્રદૂષણ વગેરેની માત્રા જાણી શકાય તે સિટી ડિજિટલ પ્લેટફોર્મ સાથે કાર્યરત કરાશે. ગાંધીનગરમાં વાહન યાતાયાત-પરિવહન અને તેના નિયમન-નિયંત્રણની અસરકારકતા માટે સિટી કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટરની પણ સ્થાપના આ એમઓયુ અંતર્ગત કરવાની છે.

આ ઉપરાંત ગિફટ સિટીમાં શહેરી સેવાઓના અસરકારક અમલ માટે વિસ્તારી શકાય એવા મોડેલના નિર્માણ હેતુ સિસ્કો સ્થાનિક ઈકોસિસ્ટમ સોલ્યૂશન પ્રોવાઈડર્સ સાથે સહયોગ સાધવાનો ધ્યેય ધરાવે છે.

આ પ્રોજેકટમાં સિસ્કોના વૈશ્વિક તજજ્ઞતા અને ઈન્ટલેકચ્યુઅલ પ્રોપર્ટીનો, ઈન્ટરનેટ ઓફ થિંગ્સના ક્ષેત્રમાં, મોબાઈલ ટેકનોલોજી એન્ડ એપ્લિકેશન્સ, ક્લાઉડ કમ્પ્યૂટિંગ એન્ડ ડેટા એનાલિસિસમાં વિનિયોગ થશે. સિસ્કો ગિફટ સિટી માટે ખાસ નવી એપ્લિકેશન્સ વિકસાવવા માટે પણ ઈકો સિસ્ટમ પાર્ટનર્સનો સહયોગ લેશે, તેમ પણ આ સમજૂતિ કરારમાં નક્કી થયું છે.

## બીએસએનએલની ટીએસીમાં એડવાઈઝર તરીકે નિયુક્તિ

ભાજપ પ્રદેશ મહામંત્રી કે.સી. પટેલની ભલામણથી રાજ્યસભાના સાંસદ દિલીપભાઈ પંડ્યા દ્વારા ભારત



સંચાર નિગમ લિ.ના ટેલિફોન એડવાઈઝરી કમિટીમાં એડવાઈઝર તરીકે યુવા અગ્રણી અને વર્તમાન સાંસદ લીલાધરભાઈ વાઘેલાના પૌત્ર અજય દિલીપસિંહ વાઘેલાની નિમણૂંક કરાઈ છે.

## જીવનસાથી પસંદગી મેળો યોજાશે

ગાંધીનગર, તા. ૧૫

સમસ્ત વિશ્વ જણસારી, જનક્ષત્રિય, મોચી સમાજના અપરિણીત યુવક-યુવતીઓ માટે તા. ૩૧-૧૨-૨૦૧૬ના રોજ સવારે ૯ કલાકે, ટાઉનહોલ, સેક્ટર-૧૭, ગાંધીનગર ખાતે સુંદર આયોજન કરવામાં આવેલ છે. સમાજના યુવક-યુવતીઓને યોગ્ય જીવનસાથી મળે તે માટેનો પ્રયત્ન છે.

પાટનગર ગાંધીનગરમાં સ્વર્ણિમ જીવનસાથી પસંદગી મેળાનું સુંદર આયોજન કરવામાં આવેલ છે. જેમાં સર્વે મહાનુભાવોનું સ્વાગત, બહુમાન કરવામાં આવશે. આવા સ્વર્ણિમ આયોજનને મુખ્યમંત્રી, મંત્રીઓ, મા. મેયર અને મહાનુભાવો, સમાજના અગ્રણીઓએ શુભેચ્છા સંદેશ, શુભાશિષ પાઠવેલ છે. આ શુભપ્રસંગે યથાયોગ્ય શુભેચ્છા દાન-ભેટ, શુભેચ્છા જાહેરાત અને સ્પોન્સર દાતા તરીકે સાથ, સહકાર, સહયોગ આપી પ્રોત્સાહિત કરવા વિનમ્ર અપીલ. શ્રી સ્વામીનારાયમ ભગવાન, જાગા બાપા, લાલા બાપા અને મા અંબેની, મા ચામુંડા અને વરદાયિની માતાની અસીમ કૃપા સર્વે પર રહે અને સ્વામી વિવેકાનંદનો મંત્ર 'ઉઠો, જાગો અને ધ્યેય પ્રાપ્તિ સુધી કાર્ય કરતા રહો' તે સૂત્રને સાકાર કરી, સ્વચ્છતા અભિયાન સાથે સમાજના વિકાસ માટે કાર્યરત રહીએ. સમાજના વિકાસ માટેનો આ વિનમ્ર પ્રયાસ છે.

સહયોગી દાતાઓ હિરેનભાઈ કે. ચૌહાણ, દિલીપભાઈ કે. ચૌહાણ, શ્રીમતિ હેતલ પી. ચૌહાણ, ડૉ. ભાવનાબેન પરીખ કેન્સર સર્જન, શુભ હોસ્પિટલ, ગીરીશભાઈ યાદવ, અધિક્ષક ઈજનેર રમેશભાઈ એસ. ચૌહાણ, સમાજના અગ્રણી, ગુણવંતભાઈ એસ. ચૌહાણ તથા અન્ય સર્વેનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

ગાંધીનગર સંકલન સમિતિ ગુણવંતભાઈ એસ. ચૌહાણ, મહેન્દ્રભાઈ કે. ચૌહાણ, 'રૂપાલા', દિનેશભાઈ કે. ચૌહાણ, પ્રહલાદભાઈ જી. ચૌહાણ, મહેન્દ્રભાઈ કે. ચૌહાણ, દિનેશભાઈ આર. ચૌહાણ, જીતેન્દ્ર એમ. ચૌહાણ, ભગવાનભાઈ કે. ગોહિલ, દશરથભાઈ કે. ચૌહાણ, ઉષાબેન એમ. ચૌહાણ છે. વધુ માહિતી માટે મહેન્દ્રભાઈ કે. ચૌહાણ, કાર્યાલય પ્રમુખ ૧૭૯/૨, કર્મભૂમિ સોસાયટી, મહાત્મા મંદિર, પાસે, સેક્ટર-૧૪ ગાંધીનગર - ૩૮૨૦૧૬ (ગુજ.) મો. ૯૪૨૭૦૫૬૮૪૫નો સંપર્ક કરવો.

# ગુજરાત વિધાનસભા ભવનના નવિનીકરણનું ખાતમુહૂર્ત

**૧૨૧ કરોડના ખર્ચે નિર્માણ પામશે અદ્યતન સુવિધાઓ સાથેનું વિઠ્ઠલભાઈ પટેલ ભવન**

ગાંધીનગર, તા.૧૫

ગુજરાત વિધાનસભા-વિઠ્ઠલભાઈ પટેલ ભવનના રૂ. ૧૨૧ કરોડના ખર્ચે થનારા અદ્યતન નવિનીકરણનું ભૂમિપૂજન નાયબ મુખ્યંત્રી શ્રી નિતીનભાઈ પટેલ અને મંત્રીશ્રીઓ, ધારાસભ્યોની ઉપસ્થિતિમાં સંપન્ન કર્યુંહતું.

શ્રી વિજયભાઈ રૂપાણીએ સંસદીય પદ્ધતિને ધબકતો પ્રવાહ અને વિપક્ષની ભૂમિકા, મીડિયા અને ન્યાયતંત્રને લોકશાહીના ચાર મુખ્ય આધારસ્તંભ ગણાવતા ઉમેર્યું કે આ ચાર પાયાથી જ લોકશાહીનું મંદિર શોભે છે. તેમાં કોઈની એકબીજા ઉપર સુપ્રીમસી ન હોય અને સૌ સાથે પ્રજાહિતને કેન્દ્રસ્થાને રાખીને ચાલે ત્યારે લોકશાહી સુરક્ષિત બને છે.

મુખ્યમંત્રીશ્રીએ વર્તમાન વિધાનસભા ભવનમાં જે માળખાકીય સુવિધાઓ છે તેમાં સમયાનુકૂલ બદલાવ અને જરૂરિયાત આ ભવન નવિનીકરણમાં સમાવવામાં આવશે તેમ પણ જણાવ્યું હતું.

નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલે વિધાનસભા ગૃહને લોકશાહીનું મંદિર ગણાવ્યુંહતું. તેમણે



જણાવ્યુંહતું કે વિધાનસભામાં પ્રજાના સર્વાંગી વિકાસનું ચિંતન થાય છે. વિકાસની ઈમારતની પહેલી ઈંટ વિધાનસભામાં મુકાય છે, ત્યારે તેના નવિનીકરણથી સુવિધામાં વધારો થશે. અદ્યતન બિલ્ડીંગને કારણે તે આકર્ષણનું કેન્દ્ર પણ બનશે.

ગુજરાત વિધાનસભાના ઉપાધ્યક્ષશ્રી શંભુજી ઠાકોરે વિધાનસભા બિલ્ડીંગના રિનોવેશનના નિર્ણયની કામગીરીને આવકારતા કહ્યું કે, ગુજરાત સરકારે પારદર્શિતા, નિર્ણાયકતા, પ્રગતિશીલતા અને સંવેદનશીલતાના આધારસ્તંભો થકી સૌનો સાથ સૌનો વિકાસ મંત્ર ચરિતાર્થ કર્યો છે.

ગુજરાત વિધાનસભાના સચિવ શ્રી ડી.એમ.પટેલે સ્વાગત પ્રવચન કરતા જણાવ્યું કે, લોકશાહીના મૂલ્યોના જતન માટે વિધાનસભાની ભૂમિકા અનિવાર્ય રહી છે.

## દલિત સેના દ્વારા ત્રણ આઈ ચેકઅપ કેમ્પ યોજાયા

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર જિલ્લા દલિતસેના દ્વારા તા. ૧૧-૧૨-૨૦૧૬ના રોજ સવારે ૯.૩૦ થી ૧૨.૩૦ વિનામૂલ્યે આંખ નિદાન કેમ્પ યોજાયેલ જેમાં ૧૯૬ જેટલા નગરજનો અને દલિત સમાજના લોકોએ લાભ લીધો હતો. આ કેમ્પનું ઉદ્ઘાટન સે. ૨૪ના વોર્ડ નં. ૪ના કોર્પોરેટર ધીરૂભાઈ ડોડિયા, અંકિત બારોટ, સરકારી હોસ્પિટલ સે. ૨૪ના મેડીકલ ઓફીસર ડૉ. નીરાલી દેસાઈ તેમજ ડૉ. નીતિન અન્જાન, ડૉ. નરેશભાઈ પટેલ, ડૉ. તેજલ દલાલે આ કેમ્પનું ઉદ્ઘાટન દીપ પ્રગટાવી અને ડૉ. આંબેડકરના ફોટાને ફૂલહાર કરી આમાં આવેલ મહેમાનોએ પોતાના પ્રવચનમાં દલિત સેનાની પ્રવૃત્તિને બીરદાવી, પ્રમુખ મેસરવાલા અને તેમના હોદ્દેદારોને અભિનંદન પાઠવ્યા હતા. બીજો કેમ્પ સાંજે ૪.૩૦ થી ૬.૩૦ સુધી સંત રોહિદાસ સેવા સંકુલ સે. ૬, ગાંધીનગર ખાતે યોજાયેલ. આ કેમ્પમાં ૧૩૫ જેટલા નગરજનો અને દલિત સમાજના ભાઈ-બહેનોએ લાભ લીધો હતો.

**ટૂંકી જાહેર નિવિદા**

**કચેરી સુવિધા વ્યવસ્થાપનની સેવા પૂરી પાડવા અંગે**

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર (સેક્ટર-૨૯, ઘ-૭) ખાતે વહીવટી કામગીરી સરળતાથી કરવા માટે જરૂરી એવી સર્વ આનુષાંગિક સેવાઓ- સફાઈ કામ અને સ્વચ્છતા જાળવણીની સેવા સહિતની સમગ્રતયા કામગીરીની 'કચેરી સુવિધા વ્યવસ્થાપનની સેવા' માટે ૦૩ સફાઈ કામદાર પૂરા પાડવા અનુભવી અને પ્રતિષ્ઠિત એજન્સી પાસેથી ઠરાવેલ ટેન્ડર ફોર્મ સીલબંધ કવરમાં મંગાવવામાં આવે છે. કોરા ટેન્ડર ફોર્મ ચાલુ કામકાજના દિવસોએ સવારના ૧૧-૦૦ થી ૧૭-૦૦ કલાક દરમિયાન તા. ૨૯/૧૨/૨૦૧૬ સુધીમાં અરજી સાથે રૂ. ૫૦૦-૦૦ (પરત નહીં ચૂકવવાપાત્ર) ટેન્ડર ફીની ચૂકવણી કર્યેથી રૂબરૂ મેળવી શકાશે.

સહી/-
શ્રેયાન વ્યવસ્થાપક
સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર

માહિતી/૨૨૧૨/૧૬-૧૭